Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા

ડૉ. નરેન્દ્ર બી. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર (અર્થશાસ્ત્ર)
શેઠ આર.એ.કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, ખાનપુર, અમદાવાદ

## * પ્રસ્તાવના:-

ભારત જેવા અતિ વસ્તીવાળા દેશમાં ખાદ્ય વસ્તુઓના પુરવઠાની વહેચણી માટેની વ્યવસ્થા આવશ્યક છે. જેથી દેશના ઓછી આવક વાળા કે ગરીબ ગ્રાહકોના હિતોનું રક્ષણ અને ખુલ્લા બજાર પદ્ધતિની નિષ્ફળતાઓને હલ કરી શકાય. ભારતમાં છેલ્લા દાયકાઓમાં અનાજ અને અન્ય ખાધ ચીજોના ઉત્પાદનમાં નોધપાત્ર વધારો થયો છે. પરંતુ આ ખાદ્ય પુરવઠાની સમાન વહેચણીના અભાવે ભારતમાં ભૂખમરો અને કુપોષણ ની સમસ્યામાં વધારો થયો છે. આ ઉપરાંત દેશમાં ગરીબીના કારણે લોકોની ખાદ્ય ચીજો પાછળની ખરીદશક્તિનો પણ અભાવ જોવા મળે છે. આથી આવા વ્યક્તિઓને યોગ્ય, પૂરતો અને પોષણક્ષમ આહાર મળી રહે તે જવાબદારી નિભાવવા માટે સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા ઊભી કરી છે.

## * લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાનો અર્થ :-

લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાને તેની રચના, કાર્ય, વ્યવસ્થા અને પરિસ્થિતિના સંદર્ભમાં કોઈ એક સામાન્ય વ્યાખ્યામાં રજૂ કરવી ખુબ જ મુશ્કેલ છે. આમ છતાં આ અભ્યાસમાં જાહેર વિતરણ વ્યવસ્થાને નીચેના શબ્દોમાં વ્યાખ્યાયિત કરાઈ છે.

"જાહેર વિતરણ વ્યવસ્થા એટલે જેની માલિકી અને નિયંત્રણ સામાન્ય જનતા વતી જાહેર સતાવાળાઓની છે. અને જે સામાન્ય જનતા કે કોઈ ચોક્કસ જૂથ માટે ખાધ જરૂરીયાતોના વિતરણની જવાબદારીનો એક ભાગ કે સમગ્ર માળખું"

સામાન્ય રીતે એમ કહી શકાય કે જાહેર વિતરણ વ્યવસ્થા એ ખાધ વસ્તુઓના

વિતરણનું એવું માળખું છે કે બજાર કીમતે જે લોકો ખાદ્ય વસ્તુઓ ખરીદવા શક્તિમાન નથી. તેમને તેમનું અને તેમના કુટુંબનું ભરણ પોષણ કરવા માટે યોગ્ય ભાવે ખાદ્ય વસ્તુઓ પૂરી પાડવામાં આવે છે. લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા ધ્વારા ગરીબ વર્ગને ખુબ જ નજીવા ભાવે અનાજ, તેલ, ખાંડ, કેરોસીન વગેરે જેવી વસ્તુઓ પૂરી પાડી તેમના સર્વાંગી વિકાસની મર્યાદાઓ દૂર કરવાનો પ્રયત્ન જાહેર સતા ધ્વારા કરવામાં આવે છે.

લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા પ્રાથમિક સામાજિક કલ્યાણ અને ગરીબી નિર્મૂલન કરવા માટેનો સરકારનો મૂળભૂત અને પાયાનાં કાર્યક્રમ છે. અને તે અનાજ બજારના ભાવો સ્થિર રાખવા માટે સરકાર ધ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. જરૂરિયાતની ચીજ વસ્તુઓ જેવી કે ખાંડ, ઘઉં, તેલ, કેરોસીન લોકોને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાના માધ્યમથી વ્યાજબી ભાવે પુરા પાડવામાં આવે છે. જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના વધતા ભાવો સામે ગરીબોનું આ વ્યવસ્થા ધ્વારા શક્યત: રક્ષણ થાય છે. આ વ્યવસ્થા ધ્વારા ત્રણ બાબતો સિધ્ધ થાય છે. ગરીબોને વ્યાજબી ભાવે ચીજ વસ્તુઓ મળે, તેમના પોષણનું ધ્યાન રહે અને બજાર ભાવ નિયંત્રિત રહે. આ સરકારની ખાધ સુરક્ષા નીતિમાં મહત્વનો ભાગ ભજવે છે. માંગના પ્રમાણમાં અનાજનું ઓછું ઉત્પાદન અને ઉપલબ્ધતા ને નિવારવા લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા સરકારનો ઉમદા પ્રયાસ છે.

*** જાહેર વિતરણ વ્યવસ્થાની શરૂઆત :-**

બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન બ્રિટીશરોએ નાગરિકોના ભાગનું અનાજ લશ્કરની જરૂરિયાત માટે ફાળવી દીધું. જેના પગલે બંગાળમાં ભૂખમરો ફાટી નીકળ્યો. જેમાં ૪૦ લાખ લોકો માર્યા ગયા. આ તબક્કે ઊભી થયેલી અનાજની અછતને પહોચી વળવા રેશન પધ્ધતિ દાખલ કરવામાં આવી. શહેરી વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકોને સમાવેશ કરતી વ્યાજબી ભાવની દુકાનો ખોલવામાં આવી અને ચીજ વસ્તુઓનું વેચાણ શરુ કરવામાં આવ્યું હતું. પાછળથી આ વ્યવસ્થા ગ્રામ્ય વિસ્તારમાં પણ વિસ્તારવામાં આવી. ૧૯૪૩ માં બંગાળમાં ભૂખમરો ફાટી નિકળ્યો હતો. આ અનુભવે સ્વતંત્રતા અગાઉ સરકારે અન્ન નીતિ ઘડી કાઢી હતી. આ રીતે જાહેર વિતરણ વ્યવસ્થા અમલી બની હતી. ૧૯૫૦ અને ૧૯૬૦ ના દાયકામાં ઉત્પાદકોને ટેકાના ભાવ અને ગ્રાહકોને અનાજમાં સબસીડી આપવાનું માળખું ગોઠવવામાં આવ્યું હતું.

સ્વતંત્રતા બાદ દેશમાં વારંવાર રાષ્ટ્રીય સ્તરે અન્નની ખેંચ પડી. જેના પગલે અનાજના ભાવમાં ઉછાળો આવ્યો આમ છતાં ૧૯૮૦ ના તબક્કામાં હરિયાળી ક્રાંતિ પછી ખપત કરતાં વધુ ઉત્પાદન થતા જાહેર વિતરણ વ્યવસ્થાનો કલ્યાણી આશય વધુ મજબુત બન્યો. ૧૯૯૨ થી સરકારે ગામડાના અંતરિયાળ વિસ્તાર અને પછાત, અતિ ગરીબ વિસ્તારમાં અતિ જરૂરિયાતની ચીજ વસ્તુઓ ઉપલબ્ધ કરાવતી જાહેર વિતરણ વ્યવસ્થા યોજના અમલી બનાવી. આ વ્યવસ્થા હેઠળ સરકારે લોકોને ખુલ્લા બજારમાંથી રાહત ભાવે જરૂરિયાતની ચીજ વસ્તુઓ ખરીદવાની છુંટ આપી.

૧૯૯૦ માં આર્થિક સુધારાના પગલે જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવો વધી ગયા હતા. આ ભાવ વધારાની અસર ઘટાડવાના ભાગ રૂપે સરકારે જાહેર વિતરણ વ્યવસ્થાનો લાભ ફક્ત ગરીબોને મળે તેવો નિર્ણય કર્યો. આ નિર્ણય મુજબ સરકારે અતિ રાહત ભાવે ખુબ જ ગરીબ લોકોને અનાજ પૂરું પાડવાનો આશય નક્કી કર્યો. ૧૯૯૨ અગાઉ દેશનો કોઈ પણ નાગરિક જાહેર વ્યવસ્થામાંથી ચીજ વસ્તુઓ ખરીદી શકતો હતો.

ભારત સરકારે તમામ રાજ્યની જાહેર વિતરણ વ્યવસ્થાની યોજનાના અવલોકન અને સમીક્ષા પછી તા.૧-૬-૧૯૯૭ થઈ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા(TPDS) અપનાવી છે. આ યોજના હેઠળ ગરીબ લોકોને જાહેર વિતરણ વ્યવસ્થા ધ્વારા વ્યાજબી ભાવે અનાજ પૂરું પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### * જાહેર વિતરણ વ્યવસ્થાની ખામીઓ:-

1) ગુજરાતમાં કુલ ૧૮૫૦૦ ગ્રામમાં પૈકી ૧૪૬૬૩ ગામમાં જ જાહેર વિતરણ વ્યવસ્થાની સ્થાયી અને ૧૭ ફરતી દુકાનો છે. આમ ૩૮૩૭ ગામોમાં હજુ પણ જાહેર વિતરણ વ્યવસ્થાની સ્થાયી દુકાન ન હોવાથી ગામજનો લાભ મેળવી શકતા નથી.
2) ગામમાં દુકાન નહોવાથી નજીકના ગમે લેવા જવાનો ખર્ચ વધી જતા જાહેર વિતરણ વ્યવસ્થામાંથી અમે ખુલ્લા બજારોમાં મળતી વસ્તુઓના ભાવો સરખા થઈ જાય છે.
3) સરકારની વહીવટી મુશ્કેલીઓના કારણે ઘણી વાર લાંબા સમયથી ગોદાઉનમાં સાચવી રાખેલ માલ જાહેર વિતરણ વ્યવસ્થામાં લાવવામાં આવે છે. ઘણીવાર આ માલનો પુરવઠાની ગુણવતા ખુબ જ નીચી હોય છે.
4) જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનના સંચાલકો તોલમાપમાં ગેરરીતિ આચરીને ગ્રાહકોને છેતરતા જોવા મળે છે.

5) જાહેર વિતરણ વ્યવસ્થામાંથી મળતી વસ્તુનું મહતમ પ્રમાણ નક્કી હોવાથી વધુ સભ્યો ધરાવતા કુટુંબને મળતો જથ્થો ખુબ જ નજીવો લાગે છે.
6) જાહેર વિતરણ વ્યવસ્થામાં માત્ર ઘઉં, ચોખા, તેલ અને કેરોસીન જ મળે છે. પરંતુ જો આ દુકાનને બાજરી, મકાઇ, કઠોળ, ખાતર, બિયારણ, દવાઓ, સાબુ જેવી જીવન જરૂરિયાત દરેક વસ્તુઓ આપવામાં આવે તો ખાધ્ય સુરક્ષાનો ખરા અર્થમાં સીધ કરી શકાય.
7) કાર્ડ અંગેની ખામીઓ :-
    - જેઓ ખેરે ખર ગરીબ છે તેમને BPL કાર્ડ મળતા નથી અને તેઓ તુલનાત્મક રીતે સારી સ્થિતિ માં છે તેમને બી.પી.એલ કાર્ડ મળે છે.
    - જેઓ ખરે ખર BPL કાર્ડ મેળવાને પાત્ર છે તેમને APL કાર્ડ પાત્ર થયું છે. બી.પી.એલ કાર્ડ ની માંગણી ઘણા વખતથી કરે છે તો પણ તેમને બી.પી.એલ કાર્ડ આપવામાં આવતા નથી.

### * જાહેર વિતરણ વ્યવસ્થાના લાભ :-

- લાભાર્થીને સસ્તા દરે જીવન જરૂરી વસ્તુની પ્રાપ્તિ
- લાભાર્થીની વાસ્તવિક આવકમાં વધારો
- લાભાર્થીને સ્થાનિક સ્થળે વસ્તુઓની પ્રાપ્તિ
- લાભાર્થીના જીવન ધોરણમાં સુધારો
- TPDS માં લાભાર્થીની કેટેગરી પ્રમાણે લાભ મળતા ગરીબોને વધુ ફાયદો
- તહેવાર દરમિયાન જરૂરી પ્રાથમિક વસ્તુઓ પુરતા પ્રમાણમાં પૂરી પાડવામાં આવે છે.
- TPDS દ્વારા ગરીબો સુધી ગુણવત્તા યુક્ત વસ્તુઓ પહોચાડવી
- TPDS દ્વારા વર્તમાનમાં અન્ય વસ્તુઓ જેવી કે સાબુ, ચા, ખાડ વગેરે જેવી વસ્તુ વ્યાજબી કીમતે મરી રહે છે.
- TPDS માં ડીજીટેલાઈઝેશન થતા વહીવટમાં પારદર્શિતા માં વધારો થયો છે.
- ડીજીટેલાઈઝેશનના કારણે કારાબજારી અને ભૂતિયા કાર્ડમાં ઘટાડો
- ડીજીટેલાઈઝેશનના કારણે TPDS ના લાભો સીધા જ લાભાર્થીને મળે છે.

*** <u>સંદર્ભ સુચિ</u>**


1. **નરેન્દ્ર પટેલ (૨૦૧૫), "ગુજરાતમાં ખાદ્ય સુરક્ષાનો અભ્યાસ (ગાંધીનગર અને સાબરકાંઠા જીલ્લાના સંદર્ભમાં), પી.એચ.ડી થિસિસ, ઉત્તર ગુજ. યુનિ. પાટણ, જુન-૨૦૧૫**
2. Gaurav Datt and Asvini Mahajan, (2011), Indian Economy", 48th revised edition, S.Chand & Company pvt.ltd.,New Delhi
3. Dutt and Sundharam (2014), "Indian Economy" 76th revised edition, S.Chand & Company pvt.ltd.,New Delhi
4. www.fcsca.gujarat.gov.in (અન્ન અને નાગરિક પુરવઠો, ગુજરાત રાજ્ય)
5. www.dcs-dof.gujarat.gov.in (નિયામક શ્રી, અન્ન અને નાગરિક પુરવઠો, ગુજરાત રાજ્ય)